સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - ૧૦ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

સમયની જ વાત છે સારું ન હોય તો ધીરજ રાખો, સારું હોય તો ઉપકાર માનો!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૮૯ ● તારીખઃ ૨૧.૦૯.૨૦૨૬, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# અમદાવાદમાં ધોધમાર વરસાદ, જૂનાગઢમાં વીજળીના કડાકા-ભડાકા સાથે દે ધનાધન

## ગોંડલમાં બેઠક વચ્ચે વરસાદથી ખેડૂતોએ ખુરસીઓ માથે લીધી, સાંજે ૬ વાગ્યા સુધી ૨૦ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ; ૨-૩ દિવસમાં ચોમાસાની વિદાય


અમદાવાદ


જુનાગઢ

**સમય સંદેશ, અમદાવાદ**

અમદાવાદમાં મેઘરાજાએ અમરેલી અને ગીર સોમનાથમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. ઉના, તાલાલા, લાઠી સહિતના તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્યારે બપોર બાદ અમદાવાદ અને સુરત શહેરના કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદની શરૂઆત થઈ ચૂકી છે. જ્યારે સાંજે છ વાગ્યા સુધી રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર સહિત ૨૦ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ તો બાકીના જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દેશમાંથી ચોમાસાની સત્તાવાર વિદાયની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જે અંતર્ગત રામગઢ, મોહનગઢ અને ફલોદી જેવા વિસ્તારોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. હવામાન વિભાગ અનુસાર, આગામી ૨થી ૩ દિવસમાં રાજસ્થાન, ગુજરાત તેમજ પંજાબના કેટલાંક ભાગોમાંથી પણ ચોમાસું વિદાય લેશે.

આજની તારીખે રાજ્યમાં સરેરાશ સામે ૮ ટકા અને સૌરાષ્ટ્ર કચ્છમાં ૨૨ ટકા વરસાદની ઘટ છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૮૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ત્યારે આજે (૨૦ સપ્ટેમ્બર) ચોમાસાની વિદાયની માહિતી હવામાન વિભાગે જાહેર કરી છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાંથી આગામી ત્રણ ચાર દિવસમાં ચોમાસાની વિદાય થવાની શક્યતા છે.

રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વચ્ચે અમરેલીના લાઠી અને ગીર સોમનાથના ઉના પંથકમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો.ખેતી માટે કાચા સોનારૂપી વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે. આજે સવારે ૬ વાગ્યે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં ૭૭ તાલુકામાં વરસાદ વરસ્યો. સૌથી વધુ નડિયાદમાં ૬૧ મિમી નોંધાયો.

**સૌરાષ્ટ્રમાં આગામી ૫ દિવસ સુધી સામાન્ય વરસાદની શક્યતા**

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું હતું કે, ૨૪ કલાકમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર કચ્છમાં અમરેલીમાં ૩૦ખખ વરસાદ નોંધાયો છે. પશ્ચિમ ઉત્તર પશ્ચિમ દિશા તરફ અત્યારે એક લો પ્રેશર સક્રિય છે. જે ૨૧ તારીખે આગળ વધશે અને ડિપ્રેશનમાં કન્વર્ટ થઈ જશે. ૨૨ તારીખે ડીપ ડિપ્રેશન બનવાની સંભાવના છે.

'રાજ્યમાં ૭ દિવસ અને સૌરાષ્ટ્રમાં આગામી ૫ દિવસ સુધી સામાન્ય વરસાદ રહેવાની સંભાવના છે. આગામી ૭ દિવસ સુધી કોઈપણ પ્રકારની ભારે વરસાદની આગાહી નથી. રાજ્યભરમાં થન્ડર સ્ટ્રોંગ એક્ટીવિટી જોવા મળી શકે છે. રાજ્યમાં સપ્ટેમ્બરમાં ૩૩% વધારે વરસાદ નોંધાયો છે. માછીમારો માટે અત્યારે કોઈ પણ પ્રકારની વોર્નિંગ નથી. રાજ્યમાં ઉત્તરથી ઉત્તરપૂર્વીય પવન ફૂંકાઈ રહ્યો છે.'

**અમરેલીના લાઠી શહેર-ગ્રામ્યમાં ભારે પવન સાથે વરસાદ**

અમરેલી જિલ્લામા લાઠી શહેર સહિત સમગ્ર પંથકમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. લાઠી ઉપરાંત દામનગર, ઠાંસા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સતત બીજા દિવસે વરસાદ નોંધાયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં દોઢ ઈંચથી વધુ વરસાદ ખાબકતા રોડ રસ્તાઓ પર વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી હતી.

ચોમાસાના અંતિમ તબક્કામાં વરસી રહેલા આ વરસાદથી ખેડૂતોને રાહત મળી છે. ખેતરોમાં ઉભેલા પાક માટે વરસાદ ફાયદાકારક સાબિત થવાની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. ખાસ કરીને અગાઉ વરસાદના વિરામને કારણે પાકને પાણીની જરૂરિયાત ઊભી થઈ હતી, ત્યારે સતત બીજા દિવસે પડેલા વરસાદથી પાકને જરૂરી ભેજ મળી રહે તેવી સ્થિતિ સર્જાઈ છે.

**રાજ્યમાં સરેરાશ ૮ ટકા વરસાદની ઘટ**

રાજ્યમાં આજની તારીખે ૮ ટકા વરસાદની ઘટ વર્તાઈ રહી છે. જ્યારે સૌરાષ્ટ્ર ઝોનની વાત કરીએ તો અહીં તો ૨૨ ટકા વરસાદની ઘટ છે.

જૂનાગઢના વંથલી પંથકમાં અસહ્ય ગરમી અને લાંબા વિરામ બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થતાં શાપુર, સાંતલપુર અને બંટીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. લાંબા સમયથી સારા વરસાદની રાહમાં રહેલા ખેડૂતોને રાહત મળી છે. ખેતી પાકને પણ ફાયદો થશે.

**જૂનાગઢના ગિરનાર પર્વત વરસાદથી ધોધ વહેવા લાગ્યો**


જૂનાગઢના ગિરનાર પર્વત પર વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો છે. વરસાદના પગલે ગિરનારની પ્રાકૃતિક ટેકરીઓ પર કુદરતી ઝરણાં વહેતા થઈ ગયા છે. ઐતિહાસિક દામોદર કુંડમાં નવા નીરની આવક થઈ છે, તેમજ કુંડની સામે આવેલા ઝરણાંમાં પાણીનો ધોધ વહેવા લાગ્યો છે. આ રમણીય માહોલને કારણે સમગ્ર ગિરનાર ક્ષેત્રનું નિસર્ગ સુંદર અને જીવંત બની ઉઠ્યું છે.

**ગોંડલમાં વરસાદ, બેઠકમાં ખેડૂતોએ ખુરસીઓ માથે લીધી**

ગોંડલ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે ભારે વરસાદ વરસ્યો હતો.લીલાખા ગામે સ્વામિનારાયણ મંદિર સામે આવેલા આયર સમાજની વાડી અને ભાદર કાંઠે ખેડૂતોની બેઠક યોજાવાની હતી. જો કે વરસાદ તૂટી પડતા ખેડૂતોએ ખુરસીઓ માથે રાખવાની ફરજ પડી હતી.

(અનુ. પાના નં. ૨ ઉપર)

# રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો, યુક્રેને ૧૦૦૦થી વધુ ડ્રોન એટેક દ્વારા મોસ્કો હચમચાવ્યું




**સમય સંદેશ, યુક્રેન**

રશિયામાં સંસદીય ચૂંટણીના આખરી દિવસે મોસ્કોની ઓઈલ રિફાઈનરી પર શક્તિશાળી ડ્રોન હુમલો થયો. આ હુમલાથી ભીષણ આગ લાગી હતી. મોસ્કોના મેયરે હુમલાની પુષ્ટિ કરી, જોકે જાનહાનિ અંગે અલગ-અલગ દાવા છે. રશિયન અધિકારીઓ યુક્રેન પર સીધો આરોપ મૂકી રહ્યા છે. બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ આડકતરી રીતે કાર્યવાહીની પુષ્ટિ કરતા કહ્યું કે, લાંબા અંતરની સૈન્ય કાર્યવાહીનું રશિયા પર ઊંડું પરિણામ આવ્યું છે.

રશિયામાં ચાલી રહેલી સંસદીય ચૂંટણીના આખરી અને ત્રીજા દિવસે મોસ્કો સ્થિત એક મોટી ઓઈલ રિફાઈનરી પર શક્તિશાળી ડ્રોન હુમલો થયો છે. આ હુમલાને કારણે રિફાઈનરી પરિસરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને દૂર સુધી ધુમાડાના ગોટેગોટા તેમજ વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા. મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને આ હુમલાની પુષ્ટિ કરી છે, જોકે આ ઘટનામાં જાનહાનિને લઈને અલગ-અલગ દાવાઓ સામે આવ્યા છે. રશિયન અધિકારીઓ આ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો સીધો આરોપ લગાવી રહ્યા છે.

બીજી તરફ, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર જેલેન્સ્કીએ આડકતરી રીતે આ કાર્યવાહીની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે મોસ્કો ક્ષેત્રમાં યુક્રેનની લાંબા અંતરની સૈન્ય કાર્યવાહીનું રશિયા પર ઊંડું પરિણામ આવ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે આ કાર્યવાહીમાં રશિયાના એક મહત્વપૂર્ણ તેલ ઉદ્યોગ અને લોજિસ્ટિક્સ સેન્ટરને નિશાન બનાવવામાં આવ્યું છે, જે રશિયન સૈન્ય મશીનને આર્થિક રીતે મદદ કરે છે. આ અભિયાનમાં અદ્યતન ડ્રોન સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન સાથે યુદ્ધ શરૂ થયા બાદ રશિયામાં આ પ્રથમ સંસદીય ચૂંટણી યોજાઈ રહી છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આ ચૂંટણીને યુદ્ધ માટે જનતાના સમર્થનની કસોટી તરીકે રજૂ કરી છે.

(અનુ. પાના નં. ૨ ઉપર)

# ૯ છગ્ગા અને ૪૯ બોલમાં સદી... બાંગ્લાદેશ સામે એશિયન ગેમ્સમાં શેફાલી વર્માની તોફાની બેટિંગ




**સમય સંદેશ**

એશિયન ગેમ્સ ૨૦૨૬ની સેમિફાઈનલમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે બાંગ્લાદેશ સામે ૧૯૫ રનનો વિશાળ સ્કોર ખડકી ફાઈનલ તરફ મજબૂત કદમ માંડ્યા છે. શેફાલી વર્માએ માત્ર ૪૯ બોલમાં ૩ ચોગ્ગા અને ૯ છગ્ગા સાથે અણનમ ૧૦૦* રન ફટકારી ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું. સ્મૃતિ મંધાના અને કેપ્ટન હરમનપ્રીત કૌરે પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ધમાકેદાર પ્રદર્શન કરીને ફાઈનલમાં પહોંચવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. ટૂર્નામેન્ટની બીજી સેમિફાઈનલમાં ભારતની સ્ટાર ઓપનર શેફાલી વર્માએ બાંગ્લાદેશી બોલરોની બરાબરની ધોલાઈ કરીને મેદાન પર ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ વરસાવી દીધો હતો. શેફાલીએ વિસ્ફોટક અંદાજમાં અણનમ સદી ફટકારીને આ મહત્વપૂર્ણ મેચમાં ટીમ ઈન્ડિયાને અત્યંત મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધી છે.ઐતિહાસિક વારસો જુઓ

શેફાલી વર્માએ શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું અને બાંગ્લાદેશના બોલરોને જરાય સ્થિર થવા દીધા નહોતા. તેણે ૨૦૪.૦૮ની શાનદાર સ્ટ્રાઈક રેટ સાથે બેટિંગ કરતા માત્ર ૪૯

(અનુ. પાના નં. ૨ ઉપર)

# ભારતમાં 'પ્રલય'ની ૧૮૦ વૈજ્ઞાનિકોની ચેતવણી વન્યજીવો અને નદીઓ પર ગંભીર અસર થશે

**સમય સંદેશ, નવી દિલ્હી**

ભારતના ૧૮૦થી વધુ વૈજ્ઞાનિકોએ કેન્દ્ર સરકારને અલ નીનોને કારણે દેશમાં 'પ્રલય' જેવા હવામાનની ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું કે, નવેમ્બર ૨૦૨૬થી આગામી વર્ષ સુધી ભારતમાં સામાન્યથી વધુ ગરમી અને સૂકું વાતાવરણ જોવા મળી શકે છે. આનાથી ખેતી, જંગલો અને વન્યજીવો પર ગંભીર અસર થશે. વૈજ્ઞાનિકોએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરવા હાકલ કરી છે.

દુનિયા પર અલ નીનોનું જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે ભારતના ૧૮૦થી વધુ વૈજ્ઞાનિકોએ ભારત સરકારને દેશમાં નવેમ્બર મહિનાથી આગામી વર્ષ સુધી 'પ્રલય' જેવા હવામાનની ચેતવણી આપી છે. પર્યાવરણ અને હવામાન વૈજ્ઞાનિકોએ અત્યંત શક્તિશાળી અલ-નીનો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકાર, સંશોધન સંસ્થાઓ અને ફન્ડિંગ એજન્સીઓને તેનો સામનો કરવા માટે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરવા હાકલ કરી છે, જેથી નુકસાન થયા પછી અભ્યાસ કરવાના બદલે પહેલાથી જ નિરીક્ષણ અને રેકોર્ડની વ્યવસ્થા કરી શકાય.

દેશના ૧૮૦થી વધુ પર્યાવરણ અને હવામાન વૈજ્ઞાનિકોએ આગામી શક્તિશાળી અલ-નીનો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ૨૦૨૬-૨૭નો અલ નીનો સામાન્ય વર્ષો કરતાં અનેક ઘણો વધુ વિનાશક હોઈ શકે છે. ભારતના જંગલો, નદીઓ, સમુદ્રો, પર્વતો તથા વન્યજીવો પર ગંભીર અસર કરી શકે છે. આ વૈજ્ઞાનિકોનું સંશોધન ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જેનોડો પ્લેટફોર્મ પર સુપર અલ નીનોની દસ્તક : ૨૦૨૬-૨૭માં ઈકોલોજિસ્ટ માટે ચેતવણી અને પડકાર નામથી પ્રકાશિત થયું છે.

અલ નીનો પ્રશાંત મહાસાગર સાથે સંકળાયેલી એવી પ્રાકૃતિક જળવાયુ ઘટના છે, જેમાં સમુદ્રની સપાટી અસામાન્ય રીતે ગરમ થઈ જાય છે. તેની અસર દુનિયાના અનેક ભાગોના હવામાન પર પડે છે. વૈજ્ઞાનિકો મુજબ આ વખતે પ્રશાંત મહાસાગરમાં સમુદ્રનું તાપમાન અસામાન્યરૂપે વધ્યું છે, તેથી આગામી મહિનાઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આ સ્થિતિ સામાન્ય અલ નીનોથી અલગ હોઈ શકે છે.

વૈજ્ઞાનિકોને આશંકા છે કે નવેમ્બર ૨૦૨૬થી આગામી વર્ષ સુધી ભારતના અનેક રાજ્યોમાં સામાન્યથી વધુ ગરમી અને સુષ્ક વાતાવરણ જોવા મળી શકે છે. અલ નીનોની અસરના કારણે વરસાદ ઓછો થયો છે ત્યારે પાણીની અછત પણ વધી શકે છે.

# સબસિડીવાળા એલપીજી માટે એક ઓક્ટોબર પહેલાં બીએએ ફરજિયાત




**સમય સંદેશ, નવી દિલ્હી**

૧ ઓક્ટોબર પહેલાં ઘરેલુ LPG ગ્રાહકોએ સબસિડીવાળા સિલિન્ડર માટે આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરાવવું ફરજિયાત બન્યું છે. આમ નહીં કરનાર ગ્રાહકોને ઊંચી બજાર કિંમતે ગેસનો બાટલો ખરીદવો પડશે. પેટ્રોલિયમ મંત્રાલયે સબસિડીનો લાભ યોગ્ય પરિવારોને જ મળે તે સુનિશ્ચિત કરવા આ નિર્ણય લીધો છે. અત્યાર સુધીમાં ૨૭.૪૩ કરોડ ગ્રાહકોએ વેરિફિકેશન કરાવ્યું છે.

દેશમાં ઘરેલુ એલપીજી ગ્રાહકોએ સબસિડીવાળા સિલિન્ડર માટે એક ઓક્ટોબર પહેલા આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન (બીએએ) કરાવવું ફરજિયાત કરાયું છે. જે લોકો આ સમયમાં આધાર વેરિફિકેશન નહીં કરાવે તેમણે ઊંચી બજાર કિંમતે એલપીજી ગેસનો બાટલો ખરીદવો પડશે. સરકારે કહ્યું કે, એલપીજીનો સબસિડીવાળો બાટલો યોગ્ય પરિવારો સુધી પહોંચે તે નિશ્ચિત કરવા આ કાર્યવાહી હાથ ધરાઈ છે.

પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે જણાવ્યું કે, જે ગ્રાહકોએ આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરાવી લીધું છે તેમણે કોઈ વધુ કાર્યવાહી કરવાની જરૂર નથી. દેશમાં અત્યાર સુધીમાં ૨૭.૪૩ કરોડ સક્રિય ઘરેલુ એલપીજી ગ્રાહકોએ આધાર વેરિફિકેશન કરાવી લીધું છે, જે કુલ એલપીજી ગ્રાહકોના ૮૯.૯ ટકા જેટલા છે. જે એલપીજી ગ્રાહકોએ હજુ સુધી આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન નથી કરાવ્યું તેમને આ પ્રક્રિયા કરાવ્યા પછી જ સબસિડીવાળો એલપીજી બાટલો મળશે. જે ગ્રાહકો આધાર વેરિફિકેશન નહીં કરાવે તેમને એલપીજી બાટલો મળશે, પરંતુ તેમણે તે બજાર કિંમતે ખરીદવો પડશે તેમ મંત્રાલયે જણાવ્યું હતું. સબસિડીવાળા બાટલાનો કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ ઉપયોગ

(અનુ. પાના નં. ૨ ઉપર)

## તંત્રી સ્થાનેથી..

## ઈડીના અધિકારીઓએ કરોડો રુપિયાની ખંડણી ઉઘરાવી

મુંબઈ પોલીસે EDના ૨ અધિકારીઓ સામે વેપારી પાસેથી મની લોન્ડરિંગની ધમકી આપી ૨.૭૫ કરોડ પડાવવા બદલ કેસ કર્યો છે. જયપુર ઓફિસના આસિસ્ટન્ટ ડાયરેક્ટર મોહિત ગર્ગ અને ઓફિસર દેવેન્દ્ર કુમાર ગુપ્તા સામે વધુ ફરિયાદોની શક્યતા છે. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનની ધરપકડથી રાહુલ ગાંધી અને ઋતબ્રત બેનર્જી વચ્ચે સોશિયલ મીડિયા પર જંગ છેડાયો છે.

એક જમાનામાં જેમ ઈન્કમટેક્સ વિભાગ કે સીબીઆઈનો ઉપયોગ વિરોધીઓને ડરાવવા માટે થતો હતો, એમ આજકાલ રાજકીય વિરોધીઓને ટાર્ગેટ કરવા માટે ઈડીનો ઉપયોગ થાય છે. ઈડી વિશેની વાતો સંભળીને સામાન્ય માણસ પણ ઈડીના નામથી ફફડે છે. આ ડરનો ઉપયોગ ઈડીના કેટલાક અધિકારીઓ પણ બેફામ બનીને કરતા રહે છે. જોકે ક્યારેક ઈડીના અધિકારીઓનો પગ કુંડાળામાં પડી જાય ત્યારે જોવા જેવી થાય છે. મુંબઈ પોલીસે ઈડીના બે અધિકારીઓ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. ઈડીના આ અધિકારીઓએ એક વેપારીને મનીલોન્ડરીંગની તપાસ કરીને ફીટ કરવા ધમકી આપી હતી. એમની પાસે ૨.૭૫ કરોડ રૂપિયાની વસૂલી પણ કરવામાં આવી હતી. આ બંને અધિકારીઓ ઈડીની જયપુર ઓફિસમાં ફરજ બજાવતા હતા. આસિસ્ટન્ટ ડાયરેક્ટર મોહિત ગર્ગ અને એનફોર્સમેન્ટ ઓફિસર દેવેન્દ્ર કુમાર ગુપ્તા સામે બીજી પણ ફરિયાદ થવાની શક્યતા છે.

પશ્ચિમ બંગાળમા પૂર્વ મીદનાપુર જિલ્લાના નંદીગ્રામ વિધાનસભા મતક્ષેત્રમાં પેટા ચૂંટણી થઈ રહી છે. ચૂંટણી પહેલા કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે ટીએમસીના ઉમેદવાર હટી ગયા હતા. હવે કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને તૃણમુલ કોંગ્રેસના બળવાખોર જૂથનું નેતૃત્વ કરતા ઋતબ્રત બેનર્જી વચ્ચે સોશ્યલ મીડિયા પર જંગ છેડાઈ ગયો છે. મમતા બેનજીર્ના નેતૃત્વવાળી તૃણમુલ કોંગ્રેસના ભૂતપૂર્વ ઉમેદવાર સંચીતા દે પ્રધાન પહેલા નંદીગ્રામ પેટા ચૂંટણીમાં ઉમેદવાર હતા. નવાઈની વાત એ છે કે, સંચીતા દે પ્રધાનએ નામાંકન પાછુ ખેંચ્યા પછી કોંગ્રેસના ઉમેદવારની ધરપકડ કરવામાં આવી છે. રાહુલ ગાંધીએ આ બાબતે પ્રધાનની ધરપકડને રાજકીય બદલો અને લોકશાહીની હત્યા ગણાવી હતી. એની સામે ઋતબ્રતએ પલટવાર કરીને કહ્યું હતું કે, કાયદો કાયદાનું કામ કરી રહ્યો છે.

# મહાપાલિકાના આરક્ષિત પાર્કિંગમાં ખાનગી વાહનોના ગેરકાયદે પાર્કિંગ







**સમય સંદેશ, જામનગર**

જામનગર મહાનગરપાલિકાના પટાંગણમાં આધિકારીઓ અને કર્મચારીઓ માટે ઓફીસ સમય દરમ્યાન પોતના ફોર વહીલ વાહનો માટે ખાસ પાકિગની સુવિધા ઉભી કરવામાં આવી છે. પરંતુ પાકિગની અંદર ખાનગી વાહનો લાંબા સમયથી પાર્ક કરેલ છે. એટલું જ નહિ ખાનગી વાહનો પાર્ક કરવા નહિ તેવી કમિશ્નરનો હુકમ લેખિતમાં જાહેર કરેલ છે. પરંતુ તે બોર્ડ શોભાના ગાંઠિયા સમાન બન્યા છે. કોઈ આ સુચનની અમલવારી શા માટે કરવામાં આવતી નથી તે સવાલ ઉઠે છે.

મહાનગરપાલિકાના પાકિગમાં એક ફોર વ્હોલર્સ ઉપર તો એટલી બધી ધૂળ જામી ગઈ છેકે તે ગાડી તો અંદાજે એક વર્ષથી પડી હોય તેવું લાગે છે. આ ઉપરાંત નવી એક ગાડી છે તેના ઉપર સલામતી કવર ઢાંકીને મૂકી ગયા છે. હવે આ ગાડીની ચોકીદારી મહાનગરપાલિકાના ખર્ચે ચોકીદાર ચોવીસ કલાક કરે છે. આ મહાનગરપાલિકાના પાકિગમાં ખાનગી વ્યક્તિ પોતાના વાહન ચોવીસ કલાક પાર્ક કઈ રીતે કરી શકે. જો મહાનગરપાલિકામાં ફરજ બજવતા હોય તેવા અધિકારી કે કર્મચારીનું વાહન હોય તો પણ ચોવીસ કલાક પાકિગ કરી શકાય ?

હવે તો એવું બનશે કે કોઈપણ વ્યકિતનું ખાનગી વાહન ના માલિકનું સગા સંબંધી મહાનગરપાલિકામાં નોકરી કરતું હકી તો તે પોતાનું ફોર વ્હોલર્સ મનાપાના પાકિગમાં મૂકી જશે. પછી તેને શિયાળા, ઉનાળા કે ચોમાસામાં પોતાની ગાડીની ચિતા કરવી નહીં પડે. અહીંયા મહાનગરપાલિકાના પાકિગમાં સલમાન રીતે રહી જશે. તેવું હાલમાં પાર્ક કરેલા વાહનોની કતારો ઉપર થી લાગી રહ્યું છે. જે સમયે આ પાકિગની તસ્વીરો સામે આવી છે તે ઓફીસ સમય પછીની લીધેલ તસવીરો છે. એટલું જ નહીં રજા દિવસોમાં પાર્ક કરેલ વાહનો છે. ખરેખર મહાનગરપાલિકાના વહીવટી ભવના સી સી ટીવી કેમેરા આ ખાનગી વાહનો લાંબા સમયથી જોવા મળતા હોવા છતાં જેની જવાબદારી છે તેવા સિક્યુરિટી અધિકારીએ પોતાની ફરજ નિભાવી પડશે. શા માટે કોની આ ખાનગી ગાડીઓ મૂકી ગયા છે તેની તપાસ કરીને આવા મહાનગરપાલિકાના પાકિગમાં મૂકી ગયેલા વાહનો દૂર કરવામાં સીમયુરિટી અધિકારીએ આગળ આવું પડશે.જેથી મહાનહરપાલિકાનું પાકિગ માત્ર સ્ટાફ પૂરતું જ અમલી બને.

મહાનગરપાલિકાના પાકિગમાં પાર્ક કરેલી ખાનગી ગાડીઓ દૂર કરવા અધિકારીએ મુહૂર્ત કઢવું પડે તો નવાઈ નહિ. શહેરમાં રોડ ઉપર રહેલા પાર્ક કરેલા રેકડીઓ વાહનો સહિતના જપ્ત કરતું એસ્ટેટ તંત્ર પોતાના પાકિગમાં પાર્ક કરેલા ખાનગી વાહનો દૂર કરવા આગળ આવે તેવો સુર ઉઠી રહ્યો છે.

# મિલ્ટ્રી એરિયા નજીક વીજપોલમાં લાગેલી આગ હોમગાર્ડ જવાને બુઝાવી

**સમય સંદેશ, જામનગર**

જામનગર શહેરના રણજીતસાગર રોડ પર આર્મી એરિયાના ગેટ નજીક મોડી રાત્રે સ્ટ્રીટ લાઈટના વીજપોલમાં અચાનક આગ લાગતા દોડધામ મચી હતી. વીજપોલમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં ચિંતા પ્રસરી હતી. જોકે, ફરજ પર રહેલા બે હોમગાર્ડ જવાનોની સતર્કતાના કારણે આગને સમયસર કાબૂમાં લઈ મોટી દુર્ઘટના ટાળવામાં આવી હતી.

રણજીતસાગર રોડ પર આર્મી એરિયાના ગેટ નજીક આવેલી સ્ટ્રીટ લાઈટના વીજપોલમાં શોર્ટ સકિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું. મોડી રાત્રિના સમયે વીજપોલમાંથી આગની જવાળાઓ દેખાતા ફરજ પરના હોમગાર્ડ જવાનો તાત્કાલિક હરકતમાં આવ્યા હતા.

હોમગાર્ડ જવાન અરવિંદભાઈ મકવાણા અને શૈલેષભાઈ ફલીયાએ સમયસૂચકતા દાખવી ઘટનાસ્થળે જ ઉપલબ્ધ અગ્નિશામક બોટલની મદદથી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. બંને જવાનોએ તાત્કાલિક આગ પર કાબૂ મેળવતા આગ વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી.

મોડી રાત્રે બનેલી આ ઘટનામાં હોમગાર્ડ જવાનોની સતર્કતા અને તાત્કાલિક કામગીરીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનામાં સમયસર આગ કાબૂમાં આવી જતા આસપાસના વિસ્તારને પણ રાહત મળી હતી. હોમગાર્ડ જવાનોની આ પ્રશંસનીય કામગીરીની સરાહના થઈ રહી છે.

# જામનગર યાર્ડમાં ડુંગળીના ભાવમાં વધારો


**સમય સંદેશ, જામનગર**

જામનગર માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીમાં ઘટાડો થતા જ ભાવમાં આંશિક વધારો જોવા મળી રહ્યો છે, તો બજારમાં પણ ડુંગળી ગૃહણીઓને રડાવી રહી છે. તો યાર્ડમાં ઘઉં, લસણ, જીરૂ, અજમાની આવક પણ સારી થઈ રહી છે.



તેમાં ભાવમાં થોડો ઉછાળો જોવા મળી રહ્યો છે. હાપા યાર્ડમાં ૨૬૯ ખેડુતો ૯૮૦૮ મણની જુદી જુદી જણસીઓ હરરાજીમાં લાવ્યા હતા. જેમાં સૌથી વધુ ઘઉંની ૨૧૨૫, લસણની ૧૦૪૭, જીરૂ ૨૭૪૨, અજમો ૧૪૮૨ મણની આવક થઈ હતી. જેમાં ઘઉંના ૫૦૭થી ૫૬૯, લસણના ૮૦૦%ડ ૧૯૬૦, ળશ( ૩૫૦૦% ૪૨૦૦, અજમાના ૨૭૪૦થી ૪૪૨૫ સુધીના ભાવ બોલાયા હતા. તો ડુંગળીની માત્ર ૭૬૨ મણની આવક થઈ હતી. જેના ભાવ રૂ.૪૦૦થી ૮૫૦ સુધીના ભાવ બોલાયા હતા.

# હવેલી શેરી પાસે બે મહિનાથી રસ્તાનું કામ ખોરંભે





**સમય સંદેશ, જામનગર**

જામનગર મહાનગરપાલિકાના મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના મત વિસ્તારમાં બે-બે મહિનાથી મુખ્ય રોડનું કામ અધૂરું મૂકી દેતા હવેલી શેરીના રહેવાસીઓ ભારે પરેશાન થઈ રહ્યા છે. એટલું જ નહીં તાજેતરમાં થયેલા વરસાદથી કાદવ કીચડનું રોડ ઉપર સામ્રાજ્ય થી અસ્કમાતનો ભય રાહદારીઓને અને વાહનચાલકો હાડમારી વેઠી રહ્યા છે.

તો વેપારીઓ કહે છે કે રોડ ઉપર કપચી અને કાંકરી મહાનગરપાલિકાના તંત્ર નાખતા દુકાન અને ગ્રાહકો કાંકરીથી ઈજાગ્રસ્ત થાય તે પહેલા તંત્ર સીસી રોડનું કામ ઝડપભેર પૂરું કરવામાં મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કડક સૂચનાઓ આપે તે ઈચ્છનીય છે.

કારણ કે આ રોડ આણદાબાવા ચકલાથી હવેલી શેરીનો મુખ્ય માર્ગ હોવા છતાં લાંબા સમયથી રોડનું કામ અધૂરું મૂકી કોન્ટ્રાક્ટર અને જવાબદાર ઈજનેર સામે લોકોમાં રોષની લાગણી ફેલાય તે પહેલા કામ પૂરું કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# કાલાવડ વિસ્તારમાં સાત કરોડના ખર્ચે બે નવા રસ્તાઓનું નિર્માણ કરાશે...





ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

**સમય સંદેશ, જામનગર**

કાલાવડ વિધાનસભા વિસ્તારમાં લોકસુવિધાઓમાં વધારો કરતા મહત્વપૂર્ણ વિકાસકામો અંતર્ગત અંદાજે સાત કરોડના ખર્ચે બે નવા માર્ગોના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન કરવામાં આવ્યું હતું.

મંજૂર થયેલા નવા માર્ગો: લક્ષ્મીપુર-નાની/મોટી ભગેડી રોડથ મોટી વાવડી - ધૂનધોરાજીને જોડતો નવો રોડ આ શુભ પ્રસંગે ગ્રામજનો, ભાજપના હોદ્દેદારો તથા કાર્યકરો, વિવિધ ગામોના સરપંચો તેમજ તાલુકા અને જિલ્લા પંચાયતના પદાધિકારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ નવા રસ્તાઓના નિર્માણથી સ્થાનિક વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોની કનેક્ટિવિટીમાં મોટો સુધારો થશે.

નોંધનીય છે કે જામનગર જિલ્લાના પોતાના મતવિસ્તારમાં રોડ, રસ્તા અને બ્રિજ જેવા આંતરમાળખાકીય વિકાસ માટે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા રેકોર્ડબ્રેક ગ્રાન્ટ લાવવામાં સફળ રહ્યા છે. આ તકે ધારાસભ્ય તેમજ સ્થાનિક અગ્રણીઓ દ્વારા પ્રજાલક્ષી કાર્યો માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ખારવા અને સોયલ ગામે તા.૨૫ સપ્ટેમ્બરે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

**સમય સંદેશ, જામનગર**

ધ્રોલ તાલુકા વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૫ સપ્ટેમ્બરના રોજ ''સેવાસેતુ કાર્યક્રમ''નું આયોજન ખારવા પ્રાથમિક શાળા ખાતે તેમજ સોયલ પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું છે. ખારવા ઉપરાંત હમાપર, ખીજડીયા, જાલીયા માનસર, પીપરટોડા, ખેંગારકા, મોટા ઈટાળા, ખારવા, સુમરા, રાજપર, બીજલકા ગામના લોકો તથા સોયલ પ્રાથમિક શાળા ખાતે યોજાનાર સેવાસેતુ કેમ્પમાં આજુબાજુના ગામો જેમાં વાંકિયા, સોયલ, નથુવડલા, મજોઠ, રોજીયા અને માવાપરના લોકો સેવા સેતુ કાર્યક્રમનો લાભ સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ દરમિયાન લઈ શકશે. ઉપરાંત અહીં સબંધિત સરકારી કચેરીઓ દ્વારા અપાતી વિવિધ કલ્યાણકારી યોજનાઓની સચોટ માહિતી અને જરૂરી માર્ગદર્શન સ્થળ પર જ પૂરું પાડવામાં આવશે. સેવાસેતુ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારના નાગરિકોને ઘર આંગણે જ વહીવટી સેવાઓ અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપવાનો છે. સેવાસેતુ કાર્યક્રમમાં સરકારના તમામ વિભાગો દ્વારા સ્થળ પર જ અરજીઓનો સ્વીકાર અને નિકાલ કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે આવક અને સીનીયર સીટીઝન પ્રમાણપત્ર લગતી કામગીરી, રેશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડની અરજીઓ તેમજ વિધવા સહાય, વૃદ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ તથા નવા વીજળી જોડાણ માટેની અરજીઓ, માં અન્નપૂર્ણા યોજના, માં અમૃતમ યોજના, અને વાત્સલ્ય કાર્ડના લાભાર્થીઓની સ્થળ પર જ નોંધણી કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**


## અનુસંધાન

### (અમદાવાદમાં ધોધમાર વરસાદ...)

**સુરત શહેરમાં બફારા વચ્ચે ધોધમાર વરસાદ શરૂ**

સુરત શહેરમાં વહેલી સવારથી જ ભારે બફારો અને ગરમીનુ વાતાવરણ હતું અને બપોરે અચાનક જ ધોધમાર વરસાદ શરૂ થયો હતો જેને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

**અમરેલીમા ધોધમાર વરસાદ, ખેતીપાકને વરસાદથી ફાયદો**

સમગ્ર રાજ્યમા ચોમાસુ પૂર્ણ થવાના આરે છે અંતિમ સમય ગુજરાત અને સૌરાષ્ટ્રમા વરસાદની વધુ જરૂરીયાત હોવાથી ખેડૂતો કાગડોળે રાજ જોય રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લામાં આજે લાઠી, લીલીયા, સાવરકુંડલા, જાફરાબાદ પંથકમા ધોધમાર વરસાદ આવતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે જેમાં લાઠી શ્હેર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ ખાબકતા ચારે તરફ પાણી ભરાય રહ્યા છે બીજી તરફ લાઠીના દામનગર,ઠાંસા,દુધાળા,અકાળા સહીત ગામડામાં ધોધમાર વરસાદ ખાબકતા ફરીવાર નદીઓ ચેકડેમ પર પાણી ભરાય ચુક્યા છે.લીલીયા પંથકમા ધોધમાર વરસાદ ખાબક્યો લીલીયાના એકલેરા, નાના રાજકોટ, હાથીગઢ, સાજણટીબા, પીપળવાઘણીયા, પૂજાપાદર સહીત જાફરાબાદ પંથકમા વરસાદી ઝાપટા સાથે ધોધમાર હતો જાફરાબાદ શ્હેર અને ગ્રામ્ય વિસ્તાર મીતીયાળા,બાબરકોટ,સહીત ગામડામાં વરસાદ સારો પડ્યો હતો.

**ભાવનગર મહુવા તાલુકામાં વરસાદ શરૂ થયો**

સીટી વિસ્તારમાં સાર્વત્રિક વરસાદ વરસતા મુખ્ય માર્ગો પર પાણી ભરાયા. થોડીવાર પહેલા જ અંધાર પટ વાતાવરણ વચ્ચે ગાજવીજ સાથે વરસાદનો રાઉન્ડ શરૂ થયો છે. વરસાદ આવતાની સાથે જ અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પણ શરૂઆત થઈ ચૂકી છે.

### (રશિયા પર અત્યાર સુધીનો ...)

સત્તાધારી 'યુનાઈટેડ રશિયા' પક્ષનું વર્ચસ્વ જળવાઈ રહેવાની પૂરી સંભાવના છે, પરંતુ આર્થિક દબાણ અને યુદ્ધના થાકને કારણે વિરોધી પક્ષોને પણ કેટલાક મત મળવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. મતદાન દરમિયાન ઓનલાઈન સિસ્ટમ પર સાયબર હુમલાના પ્રયાસો પણ થયા હતા.

ચૂંટણીના માહોલ વચ્ચે થયેલા આ ડ્રોન હુમલાએ વૈશ્વિક સ્તરે તણાવ વધુ તીવ્ર બનાવ્યો છે. રશિયા દ્વારા પશ્ચિમી દેશો સાથેના સંઘર્ષના ભાગરૂપે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. યુક્રેને આ ચૂંટણીને 'દિખાપડ ઈલેખદ(' ગણાવીને ફગાવી દીધી છે. હાલમાં સુરક્ષાદળો દ્વારા નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું છે અને આ હુમલાથી રશિયાની રાજનીતિ પર શું અસર પડશે તે આગામી સમય જ જણાવશે.

### (૯ છગ્ગા અને ૪૯ બોલમાં સદી...)

બોલમાં અણનમ ૧૦૦* રન (Shafali Verma Century) બનાવ્યા હતા. શેફાલીની આ ધમાકેદાર ઈનિંગમાં ૩ ચોગ્ગા અને ૯ ગગનચુંબી છગ્ગા સામેલ હતા.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમને સારી શરૂઆત મળી હતી. શેફાલી અને સ્મૃતિ મંધાનાએ પ્રથમ વિકેટ માટે ૭૨ રન જોડ્યા હતા. સ્મૃતિ ૩૭ રન બનાવીને પેવેલિયન ભેગી થઈ હતી અને ત્યારબાદ બીજી વિકેટ પણ સસ્તામાં પડી ગઈ હતી. મુશ્કેલ પરિસ્થિતિમાં શેફાલીએ કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે મળીને ઈનિંગ સંભાળી હતી. બંને વચ્ચે ત્રીજી વિકેટ માટે ૫૫ બોલમાં ૯૪ રનની શાનદાર ભાગીદારી નોંધાઈ હતી, જેમાં હરમનપ્રીતે ૪૦ રનનું યોગદાન આપ્યું હતું.

શેફાલીની તોફાની બેટિંગના દમ પર ભારતીય ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૯૫ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો.

### (સબસિડીવાળા એલપીજી...)

ટાળવા માટે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માત્ર યોગ્ય અને પાત્ર ગ્રાહકોને જ સબસિડીવાળા એલપીજી બાટલા મળશે. ગ્રાહકો એલપીજી ડિલિવરી વખતે, તેમના ડિસ્ટ્રીબ્યુટર્સના શારૂમમાં અથવા ઈન્ડેન માટે ઈન્ડિયન ઓઈલ વન, ભારતગેસ માટે હેલોબીપીસીએલ અને એચપી ગેસ માટે એચપી પેની મોબાઈલ એપ્લિકેશન મારફત આધાર બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરાવી શકશે.


**નામ સુધારેલ છે**

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને ઉષાબહેન ગીજુભાઈ નાકરાણી માંથી ઉષા ગીજુભાઈ નાકરાણી કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

સરનામું : ૨૪૦/૨,આઈ ખોડલ,નવી પટેલ સમાજ સામે,આર.એસ.રોડ -જામનગર-૩૬૧૦૦૫.

# જામનગરમાં વિસર્જનના પાંચ દિવસે ૧૫૦૮ મૂર્તિઓનું વિસર્જન






**સમય સંદેશ, જામનગર**

જામનગર શહેરમાં ગણેશ મહોત્સવ અંતર્ગત ગણેશજીની વિદાયનો પાંચમો દિવસ વિસર્જનના આંકડાની દષ્ટિએ નોંધપાત્ર રહ્યો હતો. જામનગર મહાનગરપાલિકા દ્વારા ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે તૈયાર કરવામાં આવેલા ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતેના બંને વિસર્જન કુંડમાં તા. ૧૮ સપ્ટેમ્બરના પાંચમા દિવસે એક જ દિવસમાં કુલ ૧,૫૦૮ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે ગણેશ વિસર્જનના પાંચ દિવસ દરમિયાન બંને કુંડમાં મળીને કુલ ૧,૯૬૬ ગણેશ મૂર્તિઓનું વિસર્જન પૂર્ણ થયું છે.

પાંચમા દિવસે ગણેશ ભક્તો દ્વારા મોટી સંખ્યામાં ગણેશજીની મૂર્તિઓને વિસર્જન માટે મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત કુંડ ખાતે લાવવામાં આવી હતી. મહાનગરપાલિકાની વ્યવસ્થાપન ટીમ દ્વારા વિસર્જન પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી હતી.

તા. ૧૮ સપ્ટેમ્બરના પાંચમા દિવસે ખંભાળિયા બાયપાસ ખાતેના વિસર્જન કુંડમાં સૌથી વધુ ૧,૨૩૬ ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું હતું. આ સાથે આ કુંડમાં પાંચ દિવસ દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૧,૬૦૬ ગણેશ મૂર્તિઓનું વિસર્જન પૂર્ણ થયું છે. સરદાર રિવેરા નજીકના વિસર્જન કુંડમાં પણ પાંચમા દિવસે મોટી સંખ્યામાં ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. અહીં એક જ દિવસે કુલ ૨૭૨ મૂર્તિઓનું વિસર્જન થયું હતું. આ સાથે પાંચ દિવસમાં આ કુંડમાં કુલ ૩૬૦ ગણેશ મૂર્તિઓનું વિસર્જન પૂર્ણ થયું છે.

ગણેશ વિસર્જનના પ્રથમ પાંચ દિવસના આંકડા પર નજર કરીએ તો, બંને કુંડમાં મળીને અત્યાર સુધીમાં કુલ ૧,૯૬૬ ગણેશ મૂર્તિઓની વિદાય થઈ છે. જેમાં ખંભાળિયા બાયપાસ કુંડમાં ૧,૬૦૬ અને સરદાર રિવેરા કુંડમાં ૩૬૦ મૂર્તિઓનો સમાવેશ થાય છે.

ખાસ કરીને પાંચમા દિવસે બંને કુંડમાં થયેલા ૧,૫૦૮ મૂર્તિઓના વિસર્જન સાથે પાંચ દિવસનો કુલ આંકડો ૨,૦૦૦ની નજીક પહોંચ્યો છે. ગણેશ ભક્તો દ્વારા મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત વિસર્જન કુંડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને પર્યાવરણની જાળવણી સાથે ગણેશજીની વિદાયની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

# જિલ્લા સહકારી બેંકમાં ૧૧૧૧ દિપ પ્રગટાવી વડાપ્રધાનને અપાઇ જન્મદિનની શુભેચ્છા




**સમય સંદેશ, જામનગર**

દેશભરમાં લોકહૃદયસ્થ પ્રધાનમંત્રી શ્રી નરેન્ભાઈ મોદીના ૭૬ માં જન્મદિનની ઉજવણી ભાવેભર-ઉત્સાહભેર થઈ તેમાં જામનગર જીલ્લા સહકારી બેંક પણ વિશિષ્ટ દિપ પ્રાગટ્ય કાર્યક્રમ સાથે સહભાગી બની હતી.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જનસેવા માટે સત્તાના સૂત્ર સાથે શાસક તરીકે ઉભરી આવેલા શ્રી નરેન્ભાઈ મોદીએ કેન્માં પ્રધાનમંત્રી તરીકે જવાબદારી વહન કરવા સાથે સુશાસનનો સતત ૨૫ વર્ષનો લાંબો સમયગાળો પસાર કરી દેશભરના નાગરિકોના હૃદયમાં સ્થાન મેળવ્યું છે એટલું જ નહીં આજે તેમના કુનેહભર્યા વડપણ હેઠળ આપણો ભારત દેશ વિશ્વગુરૂ બનવા ભણી આગળ વધી રહયો છે એવા સુવર્ણકાળના અવસરે પ્રધાનમંત્રી શ્રી નરેન્ભાઈ મોદીના ૭૬ માં જન્મદિનની ઉજવણી માટે દેશભરમાં ઉત્સાહની અનોખી લહેર ઉઠી હતી. આ ગૌરવપૂર્ણ ઉજવણીમાં દેશ અને રાજ્યની સાથે જામનગર જીલ્લા સહકારી બેંક પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્ભાઈ મોદીના જન્મોત્સવની ઉજવણીમાં બેંકના ચેરમેન શ્રી જીતુભાઈ લાલના માર્ગદર્શન હેઠળ વિશિષ્ટ કાર્યક્રમ સાથે જોડાઈ હતી. જામનગર જીલ્લા સહકારી બેંકના મુખ્ય ભવન ખાતે તા.૧૭ સપ્ટેમ્બરના સાંજે આર્શિવાદ કા દિયા સાથે દિપમાળા સહિત ૧૧૧૧ દિવડાઓ પ્રગટાવવામાં આવ્યાં હતાં અને બેંકના મુખ્ય ભવનને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બેંકના ચેરમેન શ્રી જીતુભાઈ લાલે પ્રધાનમંત્રી શ્રી નરેન્ભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતાં કહયું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી અને એ પછી દેશના પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્ભાઈ મોદી સતત ૨૫ વર્ષથી અથાક રીતે કાર્યરત છે જેના ફળ આજે દેશભરને સુશાસનરૂપે મળી રહયા છે, સાથે જ આપણા દેશ પ્રત્યે વિશ્વ આખું આશાભરી મીટ માંડીને બેઠું છે.

આ કાર્યક્રમમાં દેશમાં ઝડપથી ફેલાઈ રહેલા સાયબર ક્રાઈમ સામે જનજાગૃતિ માટેનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં જામનગર પોલીસના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના શ્રી કુલદિપસિંહ જાડેજાએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ સાથે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત લોકોને ભાજપના પાયાના કાર્યકર શ્રી હેંમતભાઈ ગોહિલે નરેન્દ્રભાઈ મોદીના કાર્યો અને કાર્ય સફળતા વિશે માહિતગાર કર્યા હતાં જયારે સામાજીક કાર્યકર ભરતભાઈ કાનાબારે પ્રાસંગીક પ્રવચનમાં શુભેચ્છા પાઠવી હતી.

જામનગર જીલ્લા સહકારી બેંક આયોજીત આ કાર્યક્રમમાં બેંકના ચેરમેન શ્રી જીતુભાઈ લાલ સહિતના સહકારી ક્ષેત્રના આગેવાનો, સહકારી મંડળીઓના હોદારો, બેંકના અધિકારીઓ - કર્મચારીઓ અને નાગરીકો મોટી સંખ્યામાં જોડાયા હતાં. જામનગર જીલ્લામાં પ્રધાનમંત્રી જન્મદિન ઉજવણી અંતર્ગત આર્શિવાદ કા દિયા કાર્યક્રમમાં જોડાવવા માટે જીલ્લા ભાજપ પ્રમુખ ડો.વિનુભાઈ ભંડેરીના અનુરોધના પગલે જામનગર જીલ્લા સહકારી બેંક પણ તેમાં સહભાગી બની હતી.

# ધ્રોલમાં ઉર્જાસભર ભારત-૨૦૪૭નું વિઝન રજુ કરતા ૬૧ કાળ વૈજ્ઞાનિકો




**સમય સંદેશ, જામનગર**

ગુજરાત સરકારના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુજકોસ્ટ, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ તથા એમ.ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ, ધ્રોલના સંયુક્ત ઉપક્રમે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે એમ.ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલ ખાતે જિલ્લા કક્ષાના 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો મુખ્ય વિષય ઈંક્ષમશફક્ષ ઊક્ષયલિુ ઈફતસર્યિ ૨૦૪૭: ડજ્ઞિતાયભર્તિં ફક્ષમ ઈવફહહયક્ષલયત રાખવામાં આવ્યો હતો. જામનગર જિલ્લાના વિવિધ શાળાઓમાંથી ધોરણ ૮ થી ૧૦ના આશરે ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઊર્જાક્ષેત્રની સંભાવનાઓ અને પડકારો અંગે પોતાની વૈજ્ઞાનિક પ્રસ્તુતિઓ રજૂ કરી હતી.

કાર્યક્રમમાં ઉદઘાટક તરીકે કાલાવડના ધારાસભ્યશ્રી મેઘજીભાઈ ચાવડા, અધ્યક્ષસ્થાને એમ.ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટના સેક્રેટરી શ્રીમતી સુધાબેન ખંઢેરીયા, વિશેષ ઉપસ્થિતિ તરીકે ધ્રોલ નગરપાલિકાના કોર્પોરેટર તુષારભાઈ ભાલોડીયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્તુતિઓનું મૂલ્યાંકન ડો. જે.બી. રાઠોડ અને ડો. એમ.આર. કટેશીયા, પ્રોફેસરશ્રીઓ, ડી.કે.વી. સાયન્સ કોલેજ, જામનગર દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રેષ્ઠ બે પ્રસ્તુતિઓની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો તથા પ્રથમ શાયનીંગ સ્ટાર સ્કૂલ કાલાવડના રૂપાપરા ક્રિસ્તી , બીજા નંબર પર બ્રિલિયન્ટ સ્કૂલ જામનગરના ટાંક દીપ ,ત્રીજા નંબર પર અંબાણી (કે ડી આર એફ )સ્કૂલ ખાવડીના અગ્રિમા ચંદ્રકર રહેલ તેઓને શિલ્ડ એનાયત કરવામાં આવ્યા

સમગ્ર કાર્યક્રમનું સંચાલન લોકવિજ્ઞાન કેન્દ્રના ડો. સંજય પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટ તથા જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

### કાલાવડ મુકતાબેન કન્યા વિદ્યાલયની

# વિદ્યાર્થીનીઓએ પ્લાસ્ટિક મુક્તિ અંગે શેરી નાટક રજુ કર્યુ

**સમય સંદેશ, જામનગર**

કાલાવડ શહેરમાં આવેલ મુક્તાબેન કન્યા વિદ્યાલય દ્વારા કાલાવડ ખાતે સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત પ્લાસ્ટિક ના વધુ પડતાં ઉપયોગ અટકાવવા જનજાગ્રૃતિ હેતુથી શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પ્લાસ્ટિકના વધુ પડતાં ઉપયોગથી માનવજીવન પર તેમજ પર્યાવરણ પર થતી નકારાત્મક અસરોને અસરકારક્ત રીતે રજુ કરવામાં આવી હતી. આ નાટકના શિક્ષિકા પંડયા પ્રતિકાબેનના



માર્ગદર્શનથી તૈયાર કરવામાં આવ્યુ હતુ. શાળાની વિદ્યાર્થીની બહેનો દ્વારા શાળાની આસપાસના વિસ્તારમાં શેરી નાટક રજુ કરવામાં આવેલ હતું.

# જામનગરની શાળા નં.૧૮માં શૈક્ષણિક સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરાયું



**સમય સંદેશ, જામનગર**

જામનગર મહાનગરપાલિકા સંચાલિત શાળા નં. ૧૮ ખાતે વિકસિત ભારત ૨૦૪૭ તથા સેવા પ્રકલ્પ માસ ઉજવણી અંતર્ગત વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચિત્ર સ્પર્ધામાં ૧૯૯ બાળકોએ રજીસ્ટ્રેશન કરાવી ભાગ લીધો જેમાં પ્રથમ સુજાતા ઢાપા, દ્વિતીય સુપ્રિયા ગોજિયા અને તૃતીય નંબરે મેઘના લિબંડ વિજેતા થયા. તેમજ વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૧૫ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાં પ્રથમઃ મીરા દીપકભાઈ ધારવિયા, દ્વિતીય સ્વરા માઢક અને તૃતીય નંબરે મિતલ સોલંકી વિજેતા થયેલ. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધ્રોલ ખાતે આયોજિત નેશનલ સાયન્સ સેમિનાર ઉર્જા બાસ્કેટ ૨૦૪૭ સંભાવના અને પડકાર વિષય પર મધુડિયા શિવાની દ્વારા રજૂઆત કરવામાં આવી હતી તેને પ્રમાણપત્ર આપી સન્માનિત કરી હતી. કાર્યક્રમ દરમિયાન માનનીય શિક્ષણમંત્રીશ્રી રિવાબા જાડેજા દ્વારા આપેલ ૧,૦૦૦ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા પ્રસંગિક પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ, સર્જનાત્મકતા અને વિકસિત ભારતના નિર્માણમાં તેમની ભૂમિકા અંગે પ્રેરણા આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં કોર્પોરેટર સુરેશભાઈ કાટરમલ, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન અને કોર્પોરેટર મનીષભાઈ કટારિયા, કાર્યક્રમ કન્વીનર હરદેવસિંહ જાડેજા, શૈક્ષિક મહાસંઘ જામનગર શહેર પ્રમુખ મોતીબેન કારેથા, એસ એમ સી સભ્ય રણજિતસિંહ ઝાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન રંજનબેન નકુમ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા બદલ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની આચાર્ય દીપક પાગડા એ પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

# ઈન્ડિયન લાયોનેસ દ્વારા દુઃખભંજન મંદિરે ધ્વજારોહણ

**સમય સંદેશ, જામનગર**



ઈન્ડિયન લાયોનેસ જામનગર દ્વારા દુઃખ ભંજન મહાદેવ મંદિર માં રૂદ્રી તથા ધજજા ચડાવવા મા આવી તથા ભકિત ભાવ પુવેક બધા એ પુજન કરી આ સતકાયે માં સહભાગી થયા આ પ્રોજેકટ માં પ્રેસિડેન્ટ ફાલ્ગુનીબેન વોરા પાસ્ટ પ્રેસિડેન્ટ હંસાબેન રાવલ વાઈસ પ્રેસિડેન્ટ નયનાબેન દવે ટેઝરર પ્રજ્ઞાબા રાઠોડ જો.ટેઝરર તૃપ્તી બેન દવે જો.સેકેટરી રશ્મિબેન વ્યાસ પ્રો.ડાયરેકટર સુવેણાબેન નેમાડે તથા ઈન્ડિયન લાયોનેસ જામનગર ના ટીમ મેમ્બર ના સાથ સહકાર થી આ પ્રોજેકટ સફળ થયો પ્રોજેકટ ના પુરા થયા પછી મેમ્બરો ને કલબ તરફ થી સમુંહ ભોજન કરાવા મા આવ્યું હતું.


# દ્વારકામાં સિધ્ધનાથ ચોકના રાજાના દરબારમાં બફિલા બાબા અમરનાથ બિરાજયા

**સમય સંદેશ, દ્વારકા**

દ્વારકા શહેરમાં સિદ્ધનાથ ચોક ખાતે ચાલી રહેલા ગણેશોત્સવમાં ધાર્મિક આસ્થા અને ભકિતનો માહોલ છવાયો છે. સિદ્ધનાથ મહાદેવ મંદિર પરિસરમાં આયોજિત સપ્તદિવસીય ગણેશોત્સવ અંતર્ગત આજે 'બફિલા બાબા અમરનાથ'ના ભવ્ય દર્શન મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરનાથધામની યાદ અપાવતા આ વિશેષ દર્શનનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.

ગણેશોત્સવના ભાગરૂપે તૈયાર કરાયેલા બફિલા બાબાના મનોહર સ્વરૂપે ભાવિકોમાં ખાસ આકર્ષણ જમાવ્યું હતું. દર્શન દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. વહેલી સવારથી જ દર્શન માટે ભાવિકોની અવરજવર શરૂ થઈ હતી અને દિવસ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ બફિલા બાબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સિદ્ધનાથ ચોકના રાજાના દરબારમાં યોજાયેલા આ વિશેષ મનોરથને લઈને આયોજકો દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. ભાવિકોને સરળતાથી દર્શન મળી રહે તે માટે સિદ્ધનાથ બ્રધર્સ ગ્રૂપના સ્વયંસેવકો એ સમગ્ર



આયોજનની જવાબદારી સંભાળી હતી. સ્વયંસેવકો દ્વારા મંદિર પરિસરમાં વ્યવસ્થા જાળવવા તેમજ ભાવિકોને સહયોગ આપવા કામગીરી કરવામાં આવી હતી.

# ચાલુ ફરજે અવસાન પામનાર કર્મચારીના વારસોને ફેમિલી પેન્શન આપવામાં અખાડા



**સમય સંદેશ, જામનગર**

જામનગર મહાનગરપાલીકા માં ચાલુ ફરજે અવસાન પામનારા કર્મચારીઓના વિધવા કે વારસોને -ફેમીલી પેન્શન આપવા માટે રાજ્ય સરકારે તા.૨૪/૯/૨૦૨૨ ના અને ૨૧/૧૦/૨૦૨૨ ના રોજ કિબે ઠરાવો કર્યા હતા. તેમ છતાં મહાનગરપાલિકાના તંત્ર દ્વારા પોતાના જ સ્વર્ગસ્થ કર્મચારીઓના જરુરીયાતમંદ અને ફેમીલી પેન્શન માટેના હક્કદાર લોકોને ટટડાવવામાં આવતા હોવાથી કોર્પો. ના પેન્શનર મંડળને વડાપ્રધાન કાર્યાલયના પીએમ પોર્ટલ ઉપર રજુઆત મુજબ અરજદાર મંડળને બદલે પીએમ પોર્ટલ ઉપર જવાબ અપાઈ ગયાનું પેન્શનર મંડળને જણાવતા નિવૃત્તોમાં ખેદની લાગણી સર્જાઈ છે. કોર્પોરેશનના વર્ધિત પેન્શન ફેમીલી પેન્શન આપવાનું રાજ્ય યોજનાના લાભાર્થીઓ એવા કર્મચારીઓ જો ચાલુ નોકરી કાળ દરમિયાન અવસાન પામે તો તેના સીધી લીટીના વરાસદારને કુટુંબ પેન્શન યોજના ૧૯૭૨ મુજબ સરકારે ૨૦૨૨ ઠરાવ્યું હતું.

તેમજ તેની ચુકવણીની પ્રક્રિયા નક્કી કરીને તેના નિયમ-૧ (૭) મુજબ કુટુંબ પેન્શન મુજબના લાભો મંજુર કરવા અંગેનો કેન્શન કેસનો બનતી ઝડપે અને વધુમાં વધુ ઓક મહિનામાં નિકાલ કર્મચારીઓના વારસો હક્કથી કરવાનો રહે છે. તેમ છતાં મૃત વંચિત છે. પેન્શનર મંડળએ આ રજુઆત કરી છે. અંગે પુનઃ મુખ્યમંત્રી, પ્રભારી મંત્રી તેમજ શહેરી વિકાસ મંત્રીને ૧૫ સંદર્ભો ટાંકીને લેખિત રજૂઆત કરી છે.

### સિક્કા નગરપાલિકામાં ૧ હજારની લાંચનો મામલો

# નિવૃત્ત સિનિયર ક્લાર્ક સહિત બે સામે ગુનો દાખલ, દસ્તાવેજમાં નામ ટ્રાન્સફર કરવા રૂપિયા લેતા પકડાયા હતા

**સમય સંદેશ, જામનગર**

જામનગર તાલુકાની સિક્કા નગરપાલિકામાં ૧ હજાર રૂપિયાની લાંચ માગવાના કેસમાં એસીબીએ કાર્યવાહી કરી છે. મકાનના દસ્તાવેજમાં નામ ટ્રાન્સફર કરી એનઓસી આપવા માટે લાંચ માગવામાં આવી હતી. આ મામલે નિવૃત્ત સિનિયર ક્લાર્ક કમ ટેક્સ ઈન્સ્પેક્ટર સહિત બે લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

એસીબીના જણાવ્યા મુજબ, સિક્કાના એક વ્યકિતએ વર્ષ ૨૦૧૮માં મકાન ખરીદ્યું હતું. તેમણે મકાનનો ટેક્સ ભર્યા બાદ દસ્તાવેજમાં પોતાનું અને પત્નીનું નામ ટ્રાન્સફર કરાવી એનઓસી





મેળવવાની કાર્યવાહી કરવાની હતી. આ કામગીરી માટે સિક્કા નગરપાલિકાની ટેક્સ શાખાના તત્કાલીન સિનિયર ક્લાર્ક કમ ટેક્સ ઈન્સ્પેક્ટર અતુલકુમાર રમણીકલાલ પંડયા અને કોમ્પ્યુટર ઓપરેટર કમ ક્લાર્ક નીલેશકુમાર ભુદરદાસ મેસવાણીયાએ ૧,૦૦૦ રૂપિયાની લાંચ માગી હતી.

આ અંગે એસીબી સમક્ષ ફરિયાદ થતાં ૭ માર્ચ ૨૦૨૨ અને ૮ માર્ચ ૨૦૨૨ના રોજ લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. જોકે, બંને વખત આ છટકું નિષ્ફળ રહ્યું હતું. લાંચની રકમ સ્વીકારવામાં આવી ન હતી કે તેની રિકવરી પણ થઈ ન હતી.

ત્યારબાદ સમગ્ર મામલે ખુલ્લી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસના અંતે એસીબીએ જણાવ્યું કે, બંને આરોપીઓએ પોતાના અંગત ફાયદા માટે હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. તેમણે એકબીજાને મદદ કરીને ફરિયાદી પાસેથી ૧,૦૦૦ રૂપિયાનો ગેરલાભ મેળવવા લાંચની માગણી કરી હોવાનું સામે આવ્યું હતું. આથી તેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ કેસમાં અતુલકુમાર રમણીકલાલ પંડયા (ઉંમર ૫૯), જેઓ તત્કાલીન સિનિયર ક્લાર્ક કમ ટેક્સ ઈન્સ્પેક્ટર, ટેક્સ શાખા, સિક્કા નગરપાલિકા, વર્ગ-૩ હતા અને હાલ નિવૃત્ત છે, તેમજ નીલેશકુમાર ભુદરદાસ મેસવાણીયા (ઉંમર ૪૨), જેઓ કોમ્પ્યુટર ઓપરેટર કમ ક્લાર્ક, કરાર આધારિત, ટેક્સ શાખા, સિક્કા નગરપાલિકામાં ફરજ બજાવતા હતા, તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે.

આ કેસની તપાસ અને ગુનો દાખલ કરવાની કામગીરી જામનગર એસીબી પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. ગોહિલે કરી છે. સમગ્ર તપાસનું સુપરવિઝન એસીબી રાજકોટ એકમના મદદનીશ નિયામક જે.ડી. મેવાડા દ્વારા કરવામાં આવી રહ્યું છે. આગળની તપાસ દેવભૂમિ દ્વારકા એ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવી છે.

# રાજકોટના વિશ્વાસઘાત કેસનો નાસતો આરોપી જામનગરથી પકડાયો

## પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે ખીજડિયા ગામના પાટિયા પાસેથી ૨૬ વર્ષીય આરોપીને ઝડપી પાડ્યો

**સમય સંદેશ, જામનગર**

જામનગરની પંચકોશી 'એ' ડિવિઝન પોલીસે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિશ્વાસઘાતના કેસમાં લાંબા સમયથી ફરાર આરોપીને પકડી પાડ્યો છે.

પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરાની દેખરેખ હેઠળ ફરાર આરોપીઓને પકડવા માટે કાર્યવાહી ચાલી રહી હતી. આ દરમિયાન પેટ્રોલિંગ ટીમના એએસઆઈ નિર્મળસિંહ બી. જાડેજા અને પોલીસ હેડ કોન્સ્ટેબલ અજયસિંહ જી.



જાડેજાને ખાનગી બાતમી મળી હતી.

બાતમી મુજબ, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના બી.એન.એસ. કલમ ૩૧૬(૨) હેઠળના ગુનામાં ફરાર આરોપી મીલન પ્રવિણ અગ્રાવત ખીજડિયા ગામના પાટિયા પાસે ઊભો હતો.

બાતમીના આધારે પોલીસે તરત જ ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી. ત્યાંથી મીલન પ્રવિણ મગન અગ્રાવત (ઉંમર ૨૬, ધંધો-મજૂરી, રહે. ખીજડિયા ગામ, હવેલી બાજુ, જામનગર) મળી આવ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરતા તેણે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના આ ગુનામાં ફરાર હોવાનું કબૂલ્યું હતું. પોલીસે તેને પકડીને આગળની કાર્યવાહી માટે સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે.

# ભાણવડના બોડકી ગામે જુગાર રમતા છ શખ્સોને ઝડપી લેવાયા

**સમય સંદેશ, ભાણવડ**

ભાણવડના બોડકી ગામે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા છ જેટલા બાજીગરોને ભાણવડ પોલીસે ઝડપી લીધા છે. પોલીસે સ્થળ પરથી ગંજીપત્તો તેમજ રોકડ રૂા.૧૫૮૫૦ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભાણવડ વિસ્તારમાં જુગાર જેવી બદીઓ સામે પોલીસની ઝુંબેશ અવિરત ચાલુ રહી છે. રાત્રીના સમય દરમ્યાન ભાણવડ પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી. ત્યારે તાલુકાના બોડકી ગામમાં આવેલ રામાપીરના મંદિરની બાજુમાં સ્ટ્રીટલાઈટના અંજવાળે જુગારનો અડ્ડો ચાલી રહ્યાની બાતમી મળતા પોલીસ બોડકી પહોંચી હતી. જયા સ્થળ પર જુગાર રમી રહેલા જેશા હરજી ચૌહાણ રે.બોડકી લાલજી દેવશી ખીટ રે. બોડકી, અરવિંદ કારા નનેરા રે. બોડકી, અશ્વિન લખમણ પીપરોતર રે. ભાણવડ, હિરા મનુ સોરઠીયા રે. ભાણવડ, જુમા નુરમામદ હિંગોરા રે. રાણપરડા સહીત કુલ છ જેટલા ખેલંદાઓને ઝડપી લીધા હતા. સ્થળ પરથી ગંજીપતો તેમજ રોકડ રૂા.૧૫૮૫૦ની રકમ કબ્જે કરી હતી.



# ખંભાળીયાના શિરેશ્વર લોકમેળામાંથી બાઈકની ઉઠાંતરી : પોલીસમાં ગુનો નોંધાયો

**સમય સંદેશ, ખંભાળિયા**

ખંભાળિયાના રામનગર વિસ્તારમાં રહેતા ધનાભાઈ જેસાભાઈ આસાણી નામના ૩૧ વર્ષના યુવાન ગુરુવારે અહીંના શકિતનગર વિસ્તારમાં શિરૂ તળાવના લોકમેળામાં ગયા હતા. અહીં બી.આર.સી. ભવન પાસે તેમણે પાર્ક કરીને રાખેલું રૂ. ૨૦,૦૦૦ ની કિંમતનું સ્પ્લેન્ડર મોટરસાયકલ કોઈ તસ્કરો ચોરી કરીને લઈ જતા આ મામલે ખંભાળિયા પોલીસ મથકમાં ધોરણસર ગુનો નોંધવામાં આવ્યો છે. ખંભાળિયા, ભાણવડમાં




જુગાર રમતા મહિલાઓ સહિત બાર ઝડપાયા

ખંભાળિયામાં સલાયા ગેઈટ પાસે આવેલા મીરા ગેસ્ટ હાઉસની પાછળના ભાગેથી પોલીસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ઈકબાલ દોસમામદ હાલેપૌત્રા, ફારુક અહેમદ ખાન અને હબીબ સુલેમાન મોવર, વનીતાબેન ઉર્ફે હીરાબેન પ્રાગજીભાઈ સિદ્ધપુરા સકીનાબેન અલારખા મોવર અને સબીરાબેન અલારખા મોવર નામના છ વ્યક્તિઓને કુલ રૂ. ૧૧,૩૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

ભાણવડ પોલીસની કાર્યવાહીમાં જેશા હરજી ચૌહાણ, લાલજી દેવશી ખીટ, અરવિંદ કારા નનેરા, જુમા નુરમામદ હીંગોરા, અશ્વિન લખમણ પિપરોતર અને હીરા મનુભાઈ સોરઠીયા નામના છ વ્યક્તિઓને જાહેરમાં રોન પોલીસ નામનો જુગાર રમતા રૂ. ૧૫,૮૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

# પડાણા ગેટ પાસે વર્લી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

## પોલીસે રોકડા રૂપિયા ૩૮૦ અને જુગારનો સામાન જપ્ત કરી કાર્યવાહી કરી

**સમય સંદેશ, જામનગર**

મેઘપર (પડાણા) પોલીસે પડાણા ગામના ગેટ પાસે જાહેર સ્થળે વર્લી મટકાનો જુગાર રમાડતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

ઝડપાયેલા શખ્સનું નામ હરેશ ઉર્ફે કારો નારણભાઈ મકવાણા (ઉંમર ૪૩) છે. તે વર્લી મટકાના આંકડા લખી લોકો પાસેથી પૈસાની હારજીતનો જુગાર રમાડતો હતો.

પોલીસે તેની પાસેથી રોકડા રૂપિયા ૩૮૦, વર્લી મટકાના આંકડા લખેલી ચિઠ્ઠી અને એક બોલપેન




જપ્ત કર્યા હતા. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨(અ) હેઠળ ગુનો નોંધ્યો છે.

મેઘપર (પડાણા) પોલીસ આ સમગ્ર મામલે વધુ કાયદેસરની કાર્યવાહી કરી રહી છે.

# તલાટીને ૧થી વધુ ગામોનો ચાર્જ સોંપાયોઃ જામનગર તાલુકામાં ૧૩ મહેસૂલી તલાટીઓનું સેજાવર રોસ્ટર પ્રસિદ્ધ

**સમય સંદેશ, જામનગર**

જામનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને પોતાના મહેસૂલી કામકાજ માટે ૧૩ તલાટીઓમાં જે.એમ. તાળા સોમ/મંગળ -ચેલા, બુધ-હર્ષદપુર, શુક્ર-ઠેબા, શનિ-મોરકંડા. એન.કે.યાજ્ઞિક સોમ/મંગળ -આમરા, બુધ-જીવાપર, શુક્ર-દોઢીયા, શનિ-ગાડુકા. ડી.પી.મહેતા સોમ-વીજરખી, મંગળ-સપડા, બુધ-મિયાત્રા, શુક્ર-વીજરખી, શનિ-બાલંભડી. એ.એચ.જોષી સોમ/મંગળ/બુધ-મોડપર, શુક્ર-મતવા, શનિ-નાના થાવરીયા. બી.કે.ભુંડિયા સોમ-મોટી ખાવડી, મંગળ-સિક્કા, બુધ-ગાગવા, શુક્ર-હડમતીયા, શનિ-નાની માટલી. આર.કે. ચુડાસમા સોમ-લાવડીયા, મંગળ-દિગ્વિજયગ્રામ/દ રેડ, બુધ-મકવાણા, શુક્ર-સિક્કા/દિગ્વિજયગ્રામ/નારણપર, શનિ-ફાચરીયા/મુંગણી/દ ડીયા. ડી.જી.ચંડેરા, સોમ-બેરા જા/પસાયા, મંગળ-મેડી/જગા, બુધ-વરણા, ગુરુ-મામલતદાર કચેરી, શુક્ર-ખીમરાણા/સેખપાટ, શનિ-ખીજડીયા / હાપા. આર.વી.પરમાર, સોમ/બુધ-મોટી બાણુંગાર, મંગળ/ગુરુ-ફલ્લા, શુક્ર-મોટી બાણુંગાર/ચાવડા, શનિ-ફલ્લા / લાખાણી મોટોવાસ. ડી.કે.દવે, સોમ-વંથલી, મંગળ-વિરપર. એન.એલ.કરમુર, સોમ /બુધ / શનિ-અલીયા, મંગળ-ધુતારપર/ધુડશીયા , શુક્ર-ધુતારપર. બી.એમ.ખરા,સોમ-મોટી ભલસાણ, મંગળ-વાણિયાગામ, શુક્ર-ચંદ્રાગા, શનિ-સુમરી ભલસાણ. ડી.એન.ઝાલા અને વાય.એ.ઝાલા, સોમ-ધુંવાવ, વિભાપર લાખાબાવળ, મંગળ-નાઘેડી, ગોરધનપર, ચાંપાબેરાજા, વાવબેરાજા, બુધ-ખારાબેરાજા / વસઈ/રાવલસર/બેડ, શુક્ર-ઢિંચડા / શાપર / સર મત, શનિ-નવાનાગના / જુનાનાગ ના /કનસુમરા/મસીતીયામાં હાજર રહેશે.

# રોજી બંદર પર દરિયાકાંઠા સફાઈ અભિયાનમાં અનેક લોકો જોડાયા

**સમય સંદેશ, જામનગર**

વિજ્ઞાન ગુર્જરી જામનગર યુનિટ, ચૈતન્ય ચેરિટેબલ ટ્રસ્ટ, વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ અને જામનગર મહાનગર પાલિકાના સોલિડ વેસ્ટ વિભાગે સાથે મળીને રોજી બંદર પર દરિયાકાંઠા સફાઈ અભિયાન કર્યું.



આ અભિયાન 'સ્વચ્છ દરિયાકાંઠો, ઉજ્જ્વળ ભવિષ્ય'ના સંકલ્પ સાથે કરાયું હતું. તેમાં વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો, નાગરિકો, ગણ્યમાન્ય પ્રતિનિધિઓ, મહાનગરપાલિકાના અધિકારીઓ અને મેયર મોનિકાબેન વ્યાસ સહિત ઘણા લોકોએ ઉત્સાહથી ભાગ લીધો.

અભિયાન દરમિયાન બેડી મરીન પોલીસ સ્ટેશન નજીકના અને રોજી બંદર આસપાસના દરિયાકાંઠેથી મોટા પ્રમાણમાં કચરો ભેગો કરીને સફાઈ કરવામાં આવી. આ પહેલ દ્વારા દરિયાઈ પર્યાવરણને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો તેમજ નાગરિકોમાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ અપાયો.

આ આખા અભિયાનમાં અલગ અલગ ક્ષેત્રના લોકો એકસાથે જોડાયા. તેમણે સ્વચ્છ દરિયાકાંઠા અને ઉજ્જ્વળ આવતીકાલ માટે સામૂહિક જવાબદારીનો સંદેશ આપ્યો.

# રાત્રે ઘરેથી નીકળી ગયેલ મનોદિવ્યાંગ મહિલાને પરિવાર પાસે સુરક્ષીત પહોંચાડતી અભયમ ટીમ




## જાગૃત નાગરિકને મહિલા મળી આવતા તુરંત ૧૮૧નો સંપર્ક કર્યો

**સમય સંદેશ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક માનસિક અને શારીરિક રીતે અસ્વસ્થ મહિલા ઘરેથી કોઈને જાણ કર્યા વિના નીકળી ગયા બાદ અજાણી જગ્યાએ બેસેલી મળી આવી હતી. મહિલા પોતાનું નામ સરનામું પણ સ્પષ્ટ રીતે જણાવી શકતી ન હોવાથી એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. જાણ થતાં જ અભયમ ટીમે સ્થળ પર પહોંચી મહિલાને વિશ્વાસમાં લઈ કાઉન્સેલિંગ કરી તેના પરિવારજનોને શોધી કાઢ્યા હતા.

મળતી માહિતી મુજબ, એક મહિલા રાત્રિના સમયથી એક સ્થળે બેઠી હોવાનું અને કોઈ સાથે વાતચીત કરતી ન હોવાનું એક જાગૃત નાગરિકના ધ્યાનમાં આવ્યું હતું. મહિલાની સ્થિતિ જોતા મદદની જરૂર જણાતા ૧૮૧ અભયમને જાણ કરવામાં આવી હતી. કોલ મળતાં જ કાઉન્સેલર મનીષાબેન ડામોર, મહિલા પોલીસ શાંતિબેન તથા પાયલોટ નયનભાઈ વેસરા સ્થળ પર દોડી ગયા હતા.

અભયમ ટીમે સ્થળ પર પહોંચીને સૌપ્રથમ મહિલાને સાંત્વના આપી તેની સાથે હળવાશથી વાતચીત શરૂ કરી હતી. મહિલાને વિશ્વાસમાં લઈ કાઉન્સેલિંગ કરતાં તેણે પોતાનું નામ 'જમનાબેન' (નામ બદલેલ), ઉંમર આશરે ૩૫ વર્ષ હોવાનું જણાવ્યું હતું. મહિલાએ પોતાને બે બાળકો હોવાનું જણાવ્યું હતું, પરંતુ તે પોતાના રહેઠાણ અંગે પૂરતી અને સ્પષ્ટ માહિતી આપી શકતી નહોતી.

મહિલા પાસેથી મળેલી તૂટક માહિતીના આધારે અભયમ ટીમે આસપાસના વિસ્તારમાં પૂછપરછ શરૂ કરી હતી. ટીમના સતત પ્રયાસો બાદ એક વ્યકિતએ મહિલાને ઓળખી હતી. તપાસમાં મહિલાના ભાઈ પણ આ જ વિસ્તારમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. ભાઈનો સંપર્ક કરીને તેમને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે કડછ ગામે ભવ્ય રકતદાન કેમ્પ યોજાયો





**સમય સંદેશ, જામનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે તેમજ તેમના જાહેર જીવનમાં જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે કડછ ગામ ખાતે ભવ્ય રકતદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું. રક્તદાન એ માનવસેવાનું ઉત્તમ કાર્ય છે ત્યારે કડછ ગામના યુવાનો, સામાજિક આગેવાનો તથા ગ્રામજનોએ પણ સેવાભાવ સાથે જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે આયોજકો દ્વારા તમામ રકતદાતાઓ, કાર્યકરો, આયોજકો તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામ સ્નેહીજનોનો હીરાભાઈ હમીરભાઈ સોલંકી, રાજેશભાઈ હીરાભાઈ સોલંકી (ચેરમેન) દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com